ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં કોરોનાનો આતંક : નવા ૪૧ કેસ

## ગ્રામ્ય વિસ્તારમાં ૩૫; શહેરમાં વધુ ૬ કેસ, ગ્રામ્ય વિસ્તારના વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આજે ગ્રામ્યવિસ્તાર અને મનપા વિસ્તાર સહિત ૪૧ કેસ કોરોનાના પોઝીટીવ મળી આવતાં તંત્ર અને લોકોમાં ચિંતાનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

છેલ્લા ૬૦ દિવસમાં આજે સૌથી વધુ કેસો નોંધાયા છે. ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કેસ તો શહેરમાં ૬ કેસ આજે નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલમાં ૧૫, ગાંધીનગર ગ્રામ્યમાં ૬, માણસા-દહેગામમમાં સાત-સાત કેસ નોંધાયા છે. તો ગાંધીનગર શહેરમાં સે. ૧, ૨-બી, સે. ૨૯, સે. ૨૨, સે. ૨૮ અને ચરેડી છાપરામાં કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા કેસોમાં પણ મહિલા દર્દીઓની સંખ્યાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં આજે ૪૧ કેસ નવા નોંધાયા તે સાથે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત પણ થયાનું જાણવા મળેલ છે. આજે કલોલના એક ૬૨ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. તેઓ કલોલ અર્બન-૨ વિસ્તારમાં રહેતા હતા. તેમને કોરોના ઉપરાંત શ્વાસની પણ બિમારી હતી.

જિલ્લામાં કોરોનાના વધતા જતા કેસો અંગે આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી શાલિની વુહાને આરોગ્યતંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા પણ તાબડતોબ કરી હતી.

જિલ્લામાં નોંધાયેલા મોટાભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનથી જ થયા હોવાનું તારણ તંત્રના અધિકારીઓએ રજુ કર્યુ હતુ. મહિલા દર્દીઓની સંખ્યામાં થઈ રહેલી વૃદ્ધિને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો વિસ્ફોટ

## એક જ દિવસમાં ચારેય તાલુકામાં થઈ ૩૫ કેસ નોંધાયા : સારવાર દરમ્યાન કલોલના એક ૬૨ વર્ષીય વૃદ્ધનું અવસાન : કલોલમાં ૧૫, ગાંધીનગરમાં ૬ તો દહેગામ-માણસામાં સાત-સાત કેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો વિસ્ફોટ થયો છે. એક જ દિવસમાં ૩૫ કેસ કોરોનાના મળી આવ્યા છે. જેમાં કલોલ તાલુકામાંથી ૧૫ તો માણસા-દહેગામમાંથી ૭-૭ કેસ અને ગાંધીનગર ગ્રામ્યમાંથી ૬ કેસ મળી આવ્યા છે.

એક સાથે ૩૫ કેસ મળી આવતાં આજે તંત્રમાં હડકંપ મચી જવા સાથે સન્નાટો વ્યાપી ગયો હતો.

મળતી વિગતો પ્રમાણે આજે પણ મહિલા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર રહી છે. આજે મળી આવેલા આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે ગાંધીનગર સિવિલમાં સારવાર દરમ્યાન કલોલ અર્બન વિસ્તારના એક વૃદ્ધનું દુઃખદ અવસાન થયુ છે. આ વૃદ્ધને કોરોના ઉપરાંત શ્વાસની પણ તકલીફ હતી. ગ્રામ્ય વિસ્તારમાંથી એક સાથે આટલી મોટી સંખ્યામાં કેસો સામે આવતાં જ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી



શાલિની દુહાને તાત્કાલિક આરોગ્યતંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજી અને પરિસ્થિતિની સમીક્ષા પણ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે કલોલ અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૧૫ કેસ મળી આવ્યા છે. જેમાં મોટી ભોયણ ગામની સાત મહિલાનો પણ સમાવેશ થાય છે. આ ગામેથી એક પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

આ ઉપરાંત કલોલના આમજા ગામેથી એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

બોરીસણા ગામમાંથી પણ એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જ્યારે કલોલ અર્બન એરિયામાંથી ૪ પુરૂષોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ બધાને આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મોટી ભોંયણ ગામેથી સાત મહિલાઓ જે ૬૦ વર્ષથી વધુ વય ધરાવે છે તેમના રિપોર્ટ પોઝીટીવ આવતાં આખા ગામને ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં અત્યાર સુધીમાં ૩૬૦૦ થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

માણસા તાલુકામાંથી પણ આજે ૭ કેસ કોરોનાના મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ખરણા ગામે રહેતો અને અમરાપુરમાં વાળંદની દુકાન

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૬ કેસ

## સે-૨બી, સે-૨૯, સે-૨૨, ૨૮માં કેસ નોંધાયો : સે-૧સીમાં પણ અમદાવાદ ફ્રુટનો વેપાર કરતા પુરુષને કોરોના પોઝિટીવ આવ્યો : અત્યાર સુધી ૭૯ દર્દીઓને રજા અપાઇ : કુલ ૧૧૧ પોઝિટીવ : ૨ના મોત

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં રોજબરોજ કોરાનાના નવા નવા કેસ ધ્યાને આવી રહ્યા છે. લોકડાઉન ખુલ્યા બાદ નવા કેસોની સંખ્યા પણ વધી રહી છે. આજે પણ શહેરમાં નવા ૬ કેસ પોઝિટીવ આવ્યા છે શહેરમાં અત્યાર સુધી કોરોનાના ૧૧૧ કેસ પોઝિટીવ આવ્યા છે. આ પૈકી ૭૯ દર્દીઓ સાજા થયા છે. જયારે ૨ વ્યકિતઓનુ મોત નિપજયુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કોરોનાના નવા કેસમાં સે-૨ બી માં એક મહીલા દર્દીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમાં આ મહીલા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્ટાફનર્સ છે.મહીલાને હોમ આઈસોલેટેડ કરાયા છે. જયારે અન્ય એક કેસ સે-૨૯ માં નોંધાયો છે. જેમાં ૧૫ વર્ષના બાળકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અગાઉ આ બાળકની બહેનને પણ કોવિડ પોઝિટીવ આવ્યો હતો. આ ઉપરાંત સે-૨૨ માં પણ ૩૩ વર્ષીય મહીલાને કોરોના થયો છે. કોરાના પોઝિટીવ મહીલા હાઉસ વાઈફ છે. જેના પરિવારમાં ૫ સભ્યો છે. જયારે સે-૨૮ માં એસ આર પી માં ફરજ બજાવતી ૩૩ વર્ષીય મહીલાનો રીપોર્ટ પણ પોઝિટીવ આવ્યો છે. જયારે તંત્રએ તેણીના પરિવારના ત્રણ સભ્યોને હોમ કવોરોન્ટાઈન કર્યા છે. જયારે સે- ૧ સી માં એક પુરુષને કોરોના થયો છે. ૪૩ વર્ષીય પુરુષ અમદાવાદમાં ફ્રુટનો હોલસેલ વેપારી છે. જયારે ચરેડી છાપરામાં રહીને છુટક મજુરી કામ કરતી ૨૩ વર્ષીય યુવતિનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. જેના ઘરના ૭ સભ્યોને તંત્રએ હોમ કવોરોન્ટાઈન કર્યા છે. ગાંધીનગર જિલ્લામાં પણ આજે કોરોનાના વધુ કેસ આવ્યા છે જયારે શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

# ૭૫ દિવસ બાદ ૫ જૂને મનપા સ્થાયી સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૩

૭૫ દિવસ બાદ ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક તા. ૫-૦૬-૨૦૨૦ના રોજ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષસ્થાને મળશે. મનપાના સ્થાયી સમિતિના હોલમાં સોશિયલ ડિસ્ટન્સીંગ તેમજ સરકારે અનલોક-૧ માટે જાહેર કરેલ સૂચનાઓની અમલવારી સાથે આ બેઠક મળશે. જેમાં તમામે મ્હો પર માસ્ક પહેરવાનો ફરજીયાત રહેશે તેવી સ્પષ્ટ સૂચના એજન્ડામાં જ દર્શાવવામાં આવી છે.

મનપાની સ્થાયી સમિતિની બેઠક ખુબ જ લાંબા સમય પછી મળી રહી હોવાથી આ બેઠકમાં ૨૦ જેટલી બાબતોને સમાવવામાં આવી છે.

તેમાં ઘણા બધા અગત્યના મુદ્દાઓ ઉપરાંત ચોમાસાના દિવસોને લઈ કરવાના થતા કામો સહિતના મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે.

આ બેઠકમાં શહેરમાં કોરોનાની સ્થિતિને લઈ પણ ચર્ચાઓ થશે એટલુ જ નહિ કન્ટેન્મેન્ટ ઝોન અંગે પણ વિગતો તંત્ર દ્વારા રજુ થશે.

૭૫ દિવસ બાદ મળી રહેલ આ બેઠકમાં વિકાસના તેમજ વહીવટીય કામો દર્શાવવામાં આવ્યા છે. આ બેઠકનો મેરેથોન એજન્ડા હોઈ મેરેથોન બેઠક ચાલશે તેમ મનાઈ રહ્યુ છે.

# કલેક્શન માટે રોટેશન પ્રમાણે સમય-મર્યાદા વધારવા રજુઆત

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકામાં મિલ્કતવેરા વસુલીની વ્યવસ્થામાં સુધારો કરી રોટેશન મુજબ સવારે બે કલાકનો સમય વહેલો કરવો જોઈએ તેવી રજુઆત સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ કમિશનરને પત્ર લખી કરી છે.

તેમણે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે સિનીયર સિટીઝનો અહિ બિલના નાણાં ભરવા આવે છે અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાનું હોય છે. બીજુ હાલ શહેરમાં જે ગરમીનું પ્રમાણ છે તે જોતાં રોટેશન મુજબ હાલ જે વ્યવસ્થા છે તેમાં બે કલાક સવારના વહેલા ચાલુ કરવામાં આવે તો લોકોને ગરમી પણ ઓછી લાગે અને સરળતાથી વધુ લોકો તેનો લાભ લઈ શકે.

અગાઉ પણ દેવેન્દ્રસિંહ ચાવડાએ આ માટે દરેક સેક્ટરોમાં કલેક્શન સેન્ટર શરૂ કરવાનું સૂચન કર્યુ હતુ પરંતુ તંત્રએ તે વાત ધ્યાને લીધી નથી જે નોંધનીય છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિ,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય
યાદ અમારા દિલમાં રહેશે સહાય
પરમાત્મા આપના દિવ્ય આત્માને
પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સ્વ. વાઘેલા નિલમબા ગોવિંદસિંહ ● સ્વ. તા. ૪/૬/૨૦૧૯

વાઘેલા ગોવિંદસિંહ નટવરસિંહ (પતિ)
રાણા ટીશાબા વિશાલસિંહ (પુત્રી) વાઘેલા નિહાલસિંહ ગોવિંદસિંહ (પુત્ર)
રાણા વિશાલસિંહ વિજયસિંહ (જમાઈશ્રી) વાઘેલા કિશ્મતબા ગોવિંદસિંહ (પુત્રી)
ગામ : વાસન મહાદેવ, જી. ગાંધીનગર

# વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગરમીનો પારો ૩ ડીગ્રી ગગડયો

## સાંજે વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ : લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો



ગાંધીનગર તા ૩

શહેરમાં આજે ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગરમીનો પારો ૩ ડીગ્રી ઘટયો હતો. વાવાઝોડાની અસરના પગલે નગરમાં મોસમનો મિજાજ બદલાયો હતો. આજે સાંજે પણ અચાનક જ વાદળિયા વાતાવરણ છવાયુ હતુ. જો કે વરસાદની ગરેહાજરી હતી ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ગગડયો હતો. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ.

વાવાઝોડાની અસર વચ્ચે ગુજરાતના જુદા જુદા ભાગોમાં મોસમ પર અસર જોવા મળી રહી છે. ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. બે દિવસ અગાઉ રાત્રિના પણ વાતાવરણ પલ્ટાના લીધે સુસવાટા મારતો પવન ફુંકાયો હતો. જયારે ગઈકાલે પણ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. આજે પણ સતત વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો. સવારથી જ ગરમીનુ પ્રમાણ ઓછુ રહેતા નગરજનોએ રાહત અનુભવી હતી. જયારે ગરમીનો પારો ૩ ડીગ્રી નીચે ઉતરીને ૩૮.૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. સવારે ભેજનુ પ્રમાણ ૭૨ અને સાંજે ૩૫ રહ્યુ હતુ. જયારે સાંજે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાયરો પણ અનુભવાયો હતો. છેલ્લા બે દિવસથી હવામાન પલ્ટાના લીધે મોસમનો મિજાજ સતત બદલાયા કરે છે. આ સ્થિતિ વચ્ચે ગરમીનો કહેર આછો થતા નાગરિકો રાહત અનુભવી રહ્યા છે. આજે પણ ગરમીનુ જોર ઘટતા સાંજે વાદળિયા વાતાવરણ વચ્ચે નાગરિકોએ વરસાદી નઝારાનો આનંદ માંણ્યો હતો.

# બાયો-મેડિકલ વેસ્ટ માટે અલાયદી વ્યવસ્થા ગોઠવો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી બાયો મેડિકલ વેસ્ટ કલેકશન માટે અલાયદી વ્યવસ્થા ગોઠવવા સ્થાયી સમિતિના ચેરમેન દેવન્દ્રસિંહ ચાવડાએ એક પત્ર લખી કમિશનરને જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ડિસ્પોઝેબલ માસ્ક અને ગ્લોવઝનુ કલેક્શન અલગ રીતે થાય તે જરૂરી બન્યુ છે.

તેમણે દરેક સેક્ટરમાં આ માટે અલાયદી કચરાપેટી રાખવામાં આવે તે જરૂરી છે. તેમણે હાલની જે વ્યવસ્થા છે તે ખતરારૂપ હોવાનુ પણ આ પત્રમાં જણાવ્યુ છે.

શહેરમાં મનપા દ્વારા અત્યાર સુધીમાં ૬ હજાર કિલોથી વધારે બાયો મેડિકલ વેસ્ટનું કલેક્શન કરી અને તેનો નિકાલ કર્યો છે જે ઉલ્લેખનીય છે.

# વન મહોત્સવ અન્વયે નવા રોપોઓની વાવણીનો લક્ષ્યાંક દોઢ લાખ ઘટાડાયો

## આ વર્ષે દોઢ લાખ રોપાઓનુ વાવેતર ઓછુ થશે : વન મહોત્સવ અન્વયે ૧૬ લાખ રોપાઓની વાવણી થશે : ૨.૫૦ લાખ રોપાઓનુ ખાતાકીય વાવેતર થશે : રોપાઓની વાવણી બાદ ઉછેરનુ ધાર્યુ પરિણામ ન મળતા સરકારે કદાચ આ વર્ષે લક્ષ્યાંક ઘટાડયો હોવાનુ પણ મનાઇ રહ્યુ છે

ગાંધીનગર તા ૩

વન મહોત્સવની ઉજવણી અન્વયે હજુ સુધી કોઈ આયોજન થયુ નથી. જયારે વન મહોત્સવ અન્વયે આ વર્ષે વૃક્ષોના વાવેતરનો લક્ષ્યાંક પણ ઘટાડી દેવાયો છે. અલબત્ત પ્રતિવર્ષની સાપેક્ષમાં જિલ્લામાં થતા કુલ વાવેતર સામે અંદાજિત ૧.૫૦ લાખ વૃક્ષોનુ વાવેતર ઓછુ થશે. જિલ્લામાં વન મહોત્સ ઉપરાંત ખાતાકીય વાવેતર થઈને કુલ ૧૮.૫૦ લાખ રોપાઓની વાવણી કરાશે. જયારે વન મહોત્સવ અન્વયે આ વર્ષે ૧૬ લાખ રોપાઓની વાવણી કરવામાં આવશે. વૃક્ષોના વાવેતર બાદ તેના ઉછેરના અંતે પણ ધાર્યા પરિણામ મળતા નથી રોપાઓનુ બાળમરણ થતુ હોવાનુ પણ ધ્યાને આવે છે.

વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે નવા રોપાઓની વાવણી કરવા માટે વનવિભાગ દ્વારા પણ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરમાં દરવર્ષે ખાડાઓ ખોદીને અંદાજિત ૨૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે વન મહોત્સવ અન્વયે પણ પ્રતિવર્ષ જિલ્લામાં અંદાજિત ૨૦ લાખ રોપાઓની વાવણી કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે સરકારે વન મહોત્સવને અનુલક્ષી રોપાઓની વાવણીનો લક્ષ્યાંક ઘટાડી દીધો છે. અલબત્ત વન મહોત્સવ અન્વયે જિલ્લામાં ૧૬ લાખ રોપાઓની વાવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે.

જયારે ૨.૫૦ લાખ રોપાઓનુ ખાતાકીય વાવેતર કરવામાં આવશે. આમ આ વર્ષે વન મહોત્સવ અન્વયે સરકારે લક્ષ્યાંક ઘટાડી દીધો છે. જો કે નવા રોપાઓની વાવણી બાદ તેના ઉછેરની ધાર્યુ પરિણામ ન મળતુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જેના લીધે કદાચ આ લક્ષ્યાંક ઘટાડવામાં આવ્યો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે.

વૃક્ષોનુ વાવેતર ઘટાડવાની સ્થિતિ વચ્ચે પણ કલાઈમેટ ચેન્જની અસર જવાબદાર હોવાનુ મનાઈ રહ્યુ હોવાનુ માનતા નાગરિકો પણ ચિંતાતુર છે. આગામી રથયાત્રા મહોત્સવની ઉજવણી પણ હાલની સ્થિતિને જોતા સાદગીપુર્ણ થવાની હોવાથી રથયાત્રા દરમિયાન પણ રોપાઓનુ વિતરણ કરવામાં આવશે નહીં આકરી ગરમીમાં નાના કુમળા છોડ મુર્ઝાતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હોવાનુ મનાઈ રહ્યુ છે. ત્યારે આ વર્ષે નવા રોપાઓની વાવણીનો લક્ષ્યાંક પણ ઘટાડી દેવાયો છે.

# રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસના ભાવમાં વધારાની સંભાવના

## રાજ્ય સરકાર ટેક્સમાં વધારો કરશે : રાજ્ય સરકારને હાલ પોતાની આવક વધારવા અને ખર્ચને સરભર કરવા માટે હાલ આ એક રસ્તો દેખાઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય સરકારની તિજોરીને કોરોના મહામારીને કારણે કરવામાં આવેલ લોકડાઉનથી ભારે નુકસાન થયું છે. જેની ભરપાઈ કરવા માટે સરકાર પેટ્રોલ, ડિઝલ અને ગેસના ભાવ પર વેલ્યુ એડેડ ટેક્સ (વેટ) વધારવા અંગે વિચારણા કરી રહી છે. જો કે, આ પગલાથી કદાચ હોબાળો મચી શકે આ વિચારીને ખૂબ ધીરે ધીરે આગળ વધવા અંગે વિચારી રહી છે.

મહત્ત્વનું છે કે પોતાના ખર્ચા, કર્મચારીઓના પગાર અને પહેલાથી લીધેલા ઉધારની ચુકવણી માટે પણ રાજ્ય સરકારને ખૂબ મોટો કર્જ લઈ રહી છે. ત્યારે સરકારને હાલ પોતાની આવક વધારવા અને ખર્ચને સરભર કરવા માટે આ એક રસ્તો દેખાઈ રહ્યો છે. જો કે, તેનાથી નાગરિકોની નારાજગી વહોરી લેવાનો ભય પણ સતાવી રહ્યો છે.

આ સમગ્ર મામલે જાણકાર સૂત્રનું કહેવું છે કે, ગુજરાત સમાન બીજા રાજ્યોની તુલના કરવામાં આવે તો રાજ્યમાં પેટ્રોલ, ડિઝલ અને ગેસ પર લાદવામાં આવતા વેટ અને સેસ ટેક્સની ટકાવારી ઘણી ઓછી છે. લોકડાઉનના કારણે રાજ્ય સરકારની આવક બંધ થઈ જતા ઘણી રાજ્ય સરકારોએ પોતાના રાજ્યમાં આ ત્રણેય વસ્તુ પર વેટની ટકાવારી વધારી દીધી છે. જેથી રાજ્ય સરકાર ગુજરાતમાં પણ આ ટેક્સની રકમ વધારવા માટે વિચારાધીન છે.

હાલ રાજ્યોમાં પેટ્રોલ અને ડિઝલ પર ૧૭ ટકા અને ૪ ટકા

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com